# શહેરમાં માતૃશક્તિની અનોખી ઘટના : મોરના બચ્ચાને મરઘી ઉછેરી રહી છે

ગાંધીનગર, તા. ૨૬

માતૃત્વની મીઠી છાંય મળે તો કોને ના ગમે ? આ છાંયો એટલે એવો વડલો કે જ્યાંથી સદાય પ્રેમધારા અવિરત વહેતી હોય છે...

સાચે જ કહેવાયું છે કે જીવનમાં સુખ અને દુઃખ તો આવ્યા જ કરતા હોય છે. પણ મા-બાપ હંમેશા જીવને લુબ જ આપે છે.

આજે એક અનોખી ઘટના ગાંધીનગરમાં જોવા મળી છે તેની કરવી છે. પ્રકૃતિ પ્રેમ તો ગાંધીનગરની આગવી ઓળખ રહી છે... સાબરમતીના ખળ ખળ ઝરણાઓના નાદ વચ્ચે પણ અહિ અનોખા માતૃત્વને એક આગવી મિશાલ વિકસી છે તેની વાત કરવી છે. મા શારદાની ઉપાસના માટે પંકાયેલુ આ નગરમાં એક અનોખુ માતૃત્વ જોવા મળ્યું છે તેની વાત કરવી છે.



એવું કહેવાય છે કે ઈશ્વર પોતે જ્યાં નથી પહોંચી શકતો ત્યાં તેણે માતારૂપી પોતાનું સ્વરૂપ મોકલ્યું છે. ધરતી પરના મનુષ્યથી માંડીને અબોલ જીવોમાં પ્રભુએ માતૃત્વની ભાવના મુકી પોતાના પ્રેમ અને કરૂણાનો પરિચય આપ્યો છે. ઈશ્વરના આ પ્રેમ અને કરૂણાનો આપણને વખતો વખત સાક્ષાત્કાર થતો રહે છે. આવો જ એક સાક્ષાત્કાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ ખાતે જોવા મળ્યો છે. જેમાં એક મરઘી મોરના વિખુડા પડેલા બે બચ્ચાનું પ્રેમથી જતન કરી રહી છે. સેક્ટરવાસીઓ આ દૃશ્ય જોઈ ગદ્ગદીત થઈ ઉઠે છે. મરઘી આ નાના મોરના બચ્ચાઓને માતાની હૂંફ આપી પ્રેમથી ઉછેરી રહી છે. મોરના નાના બંને બચ્ચાઓ આખો દિવસ મરઘીની આગળ પાછળ દોડાદોડ કરી તેમજ મરઘી જ્યાં જ્યાં જાય ત્યાં તેઓ જાય છે. ''જનની જોડ સખી નહી જડે રે લોલ...''મા તે મા બીજા બધા વગડાના વા...' આવી કંઈક કહેવતો માતાના પ્રેમ માટે વપરાય છે. માતૃશક્તિની પરિચય કરાવતું આ દૃશ્ય જોઈ સેક્ટરવાસીઓ આશ્ચર્યચકિત થઈ જાય છે. આ પક્ષીની માતૃશક્તિ આપણને કંઈક શીખવી, શિખામણ આપતી જાય છે. રાષ્ટ્રીય પક્ષી મોર અને મરઘીની આવી માતૃભક્તિ કદાચ ક્યાય કોઈએ જોઈ નહી હોય.

# ગાંધીનગરમાં ''નિર્ભય સવારી'' પ્રોજેક્ટ અમલી બનશે

## રીક્ષામાં બેસાડી મુસાફરોને લુંટી લેનાર ગેંગને મિનિટોમાં પોલીસ નિર્ભય સવારી પ્રોજેક્ટ હેઠળ દબોચી લેશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સહિત જિલ્લાભરમાં છેલ્લા ઘણા સમયથી ઓટોરીક્ષામાં બેસાડી મુસાફરોને લુંટી લેવાની અનેક ઘટના તેમજ બનાવો બનવા પામ્યા છે. આથી સ્થાનિકો મોડી સાંજ પછી એકલ દોકલ ઓટો રીક્ષામાં સફર કરવાનું ટાળી રહ્યા છે. બીજી તરફ સમાજમાં દિન-પ્રતિદિન વધતા જતા અસામાજીક તત્વોમાં પર પોલીસ કે કાયદાનો કોઈ ડર કે પ્રભાવ રહ્યો નથી તેવું સ્થાનિકો અનુભવી રહ્યા છે. ત્યારે સમાજમાં અડધી રાતે પણ મુસાફરો ઓટો રીક્ષામાં નિર્ભય બની બિન્દાસ ફરી શકે અને ગુનાહિત તત્વોને મિનિટોમાં ઝડપી જેલ હવાલે કરી શકે તે માટે ગાંધીનગર જિલ્લામાં જિલ્લા પોલીસ ''નિર્ભય સવારી પ્રોજેક્ટ'' શરૂ કરવા જઈ રહી છે. વર્તમાન સમયમાં આ પ્રોજેક્ટ રાજ્યના રાજકોટ, વડોદરા, વલસાડ જેવા જિલ્લામાં કાર્યરત છે.

રાજ્યના અનેક જિલ્લામાં ઓટો રીક્ષામાં બેસાડી મુસાફરોને લુંટી લેનાર અનેક ગેંગ સક્રીય બની છે. વારંવાર વર્તમાન પત્રો અને ન્યુઝ ચેનલમાં આ પ્રકારના કિસ્સા પ્રકાશમાં આવેલ છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા ૩-૪ વર્ષમાં આ પ્રકારના કિસ્સા વધુ નોંધાયા છે. જેમાં અનેક કિસ્સા હજુ પણ વણ ઉકેલાયેલા છે.

બીજી તરફ રીક્ષામાં બેસાડી મુસાફરોને લુંટી લેનાર ગેંગનો આતંક વધતા શહેરીજનો સાંજના સમયે રીક્ષામાં મુસાફરી કરવાનું ટાળી રહ્યાં છે. અને ભયભીત બનેલા નાગરિકો-શેહીરજનો પોલીસ સામે રોષ ઠાલવી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લા પોલીસતંત્ર આ પ્રકારના ગુના બનતા અટકાવવા અને નાગરિકો નિર્ભય રીતે અવર-જવર કરી શકે તે માટે નિર્ભય સવારી પ્રોજેક્ટ અમલમાં લાવી રહી છે. આ પ્રોજેક્ટ માટે આણંદની ખાનગી કંપની સાથે ગાંધીનગર જિલ્લા પોલીસતંત્ર વાટાઘાટો કરી રહી છે.

આ નિર્ભય સવારી પ્રોજેક્ટમાં પોલીસ પાસે જિલ્લાના તમામ રીક્ષા ચાલકોના એ-ટુ ઝેડ ડેટા રાખવામાં આવશે. જેમાં રીક્ષા ચાલકની રીક્ષાનો નંબર, લાઈસન્સ નંબર, નામ, સરનામુ, ઓળખના પુરાવો વગેરેનો સમાવેશ કરવામાં આવશે. પોલીસતંત્ર દ્વારા રીક્ષામાં વિશેષ કોડવર્ડ ત્રણ જગ્યાએ લગાવવામાં આવશે. દા.ત. રીક્ષામાં બી-૧, બી-૨, એ-૧, એ-૨, સી-૧, સી-૨, દર્શાવવામાં આવશે. જેની તમામ માહિતી અગાઉથી જ પોલીસ પાસે રહેશે. અને જ્યારે રીક્ષામાં બેસી કોઈ મુસાફરને લુંટવાની ઘટના બનશે તો આ કોર્ડના આધારે ગણતરીના કલાકોમાં આ આરોપી રીક્ષા ચાલકને ઝડપી લેવામાં આવશે. વર્તમાન સમયમાં નિર્ભય સવારી પ્રોજેક્ટ રાજકોટ, આણંદ, વડોદરા અને વલસાડમાં કાર્યરત છે. ત્યારે ટુંક જ સમયમાં આ નિર્ભય સવારી પ્રોજેક્ટનો અમલ ગાંધીનગરમાં અમલી બનશે.

## ખૂણે ખાંચરેથી...

● રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ જાહેર થતાં જ હરકતમાં આવેલા તંત્રએ મતદાન મથકોની ચકાસણી આજે કરી હતી.

● ગાંધીનગર શહેરમાં પણ ઠંડીનો અનુભવ થતાં જ મોર્નિંગ વોકર્સ દ્વારા તેમના ગૃપો તૈયાર કરવામાં વ્યક્ત બન્યા છે.

● શરદપૂર્ણિમાના ઉત્સવને લઈ જલારામ મંદિર ખાતે ગરબા યોજાયા હતા.

● ઠંડી શરૂ થવાની સાથે મચ્છરોના બ્રિડીંગ પણ મળવાના ઓછા થયા છે. આજે સે. ૭, ૨૭માંથી ૩ હજાર મકાનોના ૫ હજારથી વધુ પાત્રોની ચકાસણીમાં ૨૪ સ્થાનો પરથી બ્રિડીંગ મળ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં રાજકીય આગેવાનો દ્વારા પંચાયતોની ચૂંટણીને લઈ બેઠકોનો દોર શરૂ થયો છે.

● આજે રાજ્ય ચૂંટણી પંચ અને કેન્દ્રીય ચૂંટણીપંચના અધિકારીઓ વચ્ચે ઔપચારિક બેઠક યોજાઈ હતી.

● ગાંધીનગર શહેરમાં તેમજ માણસા અને પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં આચારસંહિતાનો અમલ લાગુ નહિ થાય.

## ગાંધીનગરમાં શરદપૂર્ણિમાની શાસ્ત્રીય ઉજવણી

ગાંધીનગર, તા. ૨૬

વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાન દ્વારા આવતીકાલે ૨૭-૧૦-૨૦૧૫ને મંગળવારે રાત્રે શરદપૂર્ણિમા નિમિત્તે શાસ્ત્રીય ઉજવણી કરવાનું નિયત કરાયું છે. આર્ય ગ્રામ કેશવ ગૌશાળા, રાંધેજા ચોકડી પાસે યોજાનાર કાર્યક્રમમાં આયુર્વેદિક પદ્ધતિ દ્વારા ગરબા અને દૂધપૌઆ સાકરનો કાર્યક્રમ યોજાયો છે. ભાગ લેવા માટે મો. :૯૪૨૮૪૮૦૨૮૪૫૨ સંપર્ક કરવા જણાવાયું છે.

## યુપીએસસીની મેઈન પરીક્ષા ૧૮-૨૩ ડીસેમ્બરે યોજાશે

અમદાવાદ, તા. ૨૬

યુનિયન સર્વિસ પબ્લીક કમિશન દ્વારા લેવામાં આવતી સિવીલ સર્વિસની મેઈન પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. જે મુજબ યુપીએસસીની મેઈન પરીક્ષા ૧૮ થી ૨૩ઉમી ડિસેમ્બર દરમિયાન લેવામાં આવશે. આ પરીક્ષામાં યુપીએસસીની પ્રિલીમરી પરીક્ષા કવોલીફાય કરનાર ૧૫૦૦૮ ઉમેદવારો ભાગ લઈ શકશે. જેના આધારે આગામી ઈન્ટરવ્યુ માટેના ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ કેન્દ્ર સરકારની આઈએએસ, આઈપીએસ જેવી સિવીલ સેવાઓના અધિકારીઓની સીધી ભરતી માટે યુપીએસસીની પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષાની પ્રિલીમ પરીક્ષા યોજાયા બાદ આખરે હવે મેઈન પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. જે મુજબ આગામી ૧૮મી ડિસેમ્બરનાં રોજ આ પરીક્ષાનો પ્રારંભ થશે. તેમજ ૨૩મી ડિસેમ્બરનાં રોજ પરીક્ષા પૂર્ણ થશે.

# સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિ.ની રાયફલ શુટીંગની પ્રથમ બેચમાં નગરના યુવાનો છવાયા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ખાતે કાર્યરત રાજ્યની સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે રાયફલ શુટીંગ સર્ટીફીકેટ કોર્સની પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો તાજેતરમાં પદવીદાન સમારોહ યોજાયો હતો. યુનિવર્સિટીમાં કોચીંગ આપી રહેલ જે.જી. સ્પોર્ટસ એકેડેમી દ્વારા વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપ્યા હતા. આ કોર્સમાં ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી મોખરાના સ્થાન મેળવ્યા છે.

સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીમાં રાયફલ શુટીંગ સર્ટીફીકેટ કોર્સમાં જે.જી. સ્પોર્ટસ એકેડેમી દ્વારા છ માસિક કોર્સની પ્રથમ બેચની તાલીમ આપવામાં આવી હતી. આ કોર્સમાં રાજયભરમાંથી કુલ ૩૬ વિદ્યાર્થીઓ જોડાયા હતા જેમાં ૬ વિદ્યાર્થીઓ ગાંધીનગરના હતા. ગાંધીનગરના આ તમામ વિદ્યાર્થીઓએ કોર્સની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી અંતમાં લેવાયેલ ફાઈનલ પરીક્ષામાં પણ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા મોખરાના સ્થાન મેળવ્યા હતા. ગાંધીનગરના ગજેન્દ્રસિંહ એન. બારડે પ્રથમ ક્રમાંક, તિર્થરાજસિંહ જાડેજાએ તૃતીય સ્થાન અને મનહરસિંહ ટી.ઝાલાએ ચતુર્થ સ્થાન પ્રાપ્ત કર્યુંહતું.



ઉપરોકત ત્રણે વિદ્યાર્થીઓએ ફર્સ્ટ કલાસ વીથ ડીસ્ટીંકશન માર્કસ પ્રાપ્ત કર્યા હતા. આ ઉપરાંત નગરના અન્ય ત્રણ વિદ્યાર્થીઓ જીજ્ઞેશકુમાર સોની, જયકુમાર મહેતા અને વિશાલ પરમાર ફર્સ્ટ કલાસ સાથે ઉત્તીર્ણ થયા છે. તાજેતરમાં જે.જી. ગ્રુપ દ્વારા આયોજિત સમારોહમાં તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતાં.

# સરગાસણ પાસે રીક્ષામાંથી દેશી દારૂના જથ્થા સાથે ત્રણની ધરપકડ

ગાંધીનગર, તા. ૨૬

સરગાસણ ગામના પાટીયા પાસે સીએનજી રીક્ષામાં દેશી દારૂનો જથ્થો લઈ શેરથા ગામે આપવા જતા બે મહિલા, એક પુરૂષ મળી ત્રણની ગાંધીનગર એલસીબીની ટીમે ધરપકડ કરી હતી. અંદાજે રૂ. ૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના રાયપુર દરવાજા બહાર ચુનારાવાસમાં રહેતો નરેશ મઈજીભાઈ દેવીપૂજક, મંગુબેન ગોવિંદભાઈ દેવીપૂજક અને કોકિલાબેન દેવીપૂજક સીએનજી રીક્ષા નં. જીજે-૧-બીવાય-૮૫૫૨માં ૨૦૦ લિટર દેશી દારૂનો જથ્થો લઈ શેરથા ગામે જઈ રહ્યા હતા. આ દરમ્યાન ગાંધીનગર એલસીબીના એન.એન. ચાવડા, કરણસિંહ, રામાજી, અબ્બાસખાન, વિપુલભાઈ, ભૌમિકભાઈની ટીમે સરગાસણ ગામના પાટીયા પાસે રીક્ષાને અટકાવી તેવામાં તપાસ હાથ ધરી હતી અને અંદરથી દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. અને ત્રણેય વિરૂદ્ધ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. જેથી ઈન્ફોસીટી પોલીસે તમામ આરોપી અને વોન્ટેડ સજ્જન બહેન વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમાજનો દર્પણ બની પત્રકાર સાચું પ્રતિબિંબ બતાવે : વલ્લભભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પત્રકારત્વ વિભાગ દ્વારા પ્રથમવાર ભાવી પત્રકારની ભૂમિકા કેવી રહેશે તે બાબતે પ્રાયોગિક ધોરણે સામયિક શરૂ કરવામાં આવશે જે થકી વિદ્યાર્થીઓ ગામના ઉકરડા પરથી પસાર થાય તો દુર્ગંધ મારશે જ્યારે બગીચા પરથી પવન પસાર થાય તો સુગંધ ભર્યું વાતાવરણ



'ઉડાન' માસિક સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ અને ગાંધીનગર સમાચારના તંત્રી અને પત્રકારત્વ વિભાગના કોઓડીનેટર કૃષ્ણકાન્ત જહા દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગરમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયમાં છેલ્લા પાંચ વર્ષની પત્રકારત્વનો અભ્યાસ શરૂમાં આવ્યો છે. તાજેતરમાં સમાજનો દર્પણ બની સાચું પ્રતિબિંબ બતાવવાની શીખ સંસ્થાના ચેરમેન વલ્લભભાઈએ આપી હતી. 'ઉડાન' નામનું સામયિકની વિમોચન વિધી પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણાકાન્ત જહા હાજર રહી ભાવી પત્રકારોને શીખ આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પત્રકારત્વનો પવન થશે. આવનારા દિવસોમાં 'ઉડાન' માસિક અંક વધુ માહિતી સભર બનશે અને જુદી જુદી સંસ્થાનો અવાજ બની રહેશે.

ઉડાન માસિકના પ્રથમ તંત્રી હરેન્દ્રસિંહ માટેડાએ શબ્દ કર્મીઓમાં વધુ સર્જન કરવાની તક આપી તે માટે સંસ્થાનો અને તમામ અધ્યાપકોનો આભાર માન્યો હતો.

# સિવિલમાં અધિકારીઓનું સરપ્રાઈઝ ચેકિંગ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના હજ્જારો દર્દીઓ નગરની સિવિલ હોસ્પિટલની સારવાર લે છે. પરંતુ સિવિલ તંત્રની લાલીયાવાડી અવાર-નવાર બહાર આવે છે. સિવિલ કેમ્પસની મુલાકાત તાજેતરમાં આરોગ્ય પ્રધાને લીધી હતી. જેને પગલે તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. ત્યારબાદ આરોગ્ય પ્રધાને જરૂરી સુધારાઓ કરવા આદેશ આપ્યા હતા. ત્યાર બાદ સિવિલમાં ઝડપી કામગીરીની શરૂઆત થઈ હતી. આરોગ્ય પ્રધાનના સુધારાઓ આદેશ આપ્યા બાદ થયા છે કે નહી તે જોવા આજરોજ સિવિલ કમ્પાઉન્ડ સ્થિત મેડીકલ કોલેજના ડીન તેમજ સિવિલ સુપ્રિટેન્ડેન્ટે અચાનક તપાસ કરી હતી. જેમાં ઓપીડીમાં હાજર તબીબોની કામગીરીને લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો.

સિવિલ હોસ્પિટલમાં લાલીયાવાડી ચાલતી હતી. રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. સિવિલ હોસ્પિટલમાં નિર્માણ પામેલ અદ્યતન બિલ્ડીંગને લઈ સિવિલની ઓળખ આધુનિક ટેકનોલોજીથી સજ્જ હોસ્પિટલ બની છે. છતાં પણ ધાંધિયા યથાવત રહેવા પામ્યા હતા. જિલ્લાના દર્દીઓને યોગ્ય સારવાર અને સુવિધા ન મળતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારે અચાનક આરોગ્ય પ્રધાને સિવિલની મુલાકાત લેતા સિવિલ તંત્ર હચમચી ગયું હતું. આરોગ્ય પ્રધાને તાત્કાલીક કેટલાક સુવિધાઓ અંગે સુધારા આપતા આખે આખુ તંત્ર કામે લાગ્યું હતું. ત્યારે મેડીકલ કોલેજના ડીન અને સિવિલ સુપરીટેન્ડેન્ટે સિવિલના તમામ સ્થળે જઈ ચેકિંગ હાથ ધર્યું હતું. તેમજ જરૂરી આદેશો આપ્યા હતા. જ્યારે ઓપીડી વિભાગમાં તબિબોની કામગીરીને લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેમજ ઓપીડી પાસેના ભોંયરાના ઉપયોગ વિશે પણ સૂચનો કર્યા હતા. સિવિલના મુખ્ય અધિકારીઓ અચાનક ચેકીંગમાં નીકળતા સ્ટાફમાં ચહલપહલ મચી ગઈ હતી.

## સ્થાનિક ચુંટણીમાં ક્વોટા આંદોલનનો મુદો છવાશે

અમદાવાદ, તા. ૨૬

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સ્થાનિક સંસ્થાઓની ચુંટણીમાં મહિલા ઉમેદવાર માટે ૫૦ ટકા અનામતની વાત કરી ચુક્યા છે. પરંતુ છેલ્લી ત્રણ સુધરાઈ ચુંટણીના આંકડા ઉપર નજર કરવામાં આવે તો સ્પષ્ટ થાય છે કે મહિલાઓને લઈને ઉદાસીનતા રહી છે.

છેલ્લી ત્રણ સુધરાઈ ચુંટણીના આંકડા સંકેત આપે છે કે, મહિલાઓની ભાગીદારી હંમેશા ૩૮ ટકા કરતા પણ ઓછી રહી છે. મહિલા મતદારોએ ૮ મોટી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૩૮ ટકા કરતા પણ ઓછું મતદાન કર્યું છે. એકંદરે સરેરાશ છેલ્લી ત્રણ મ્યુનિસિપલ ચુંટણીમાં રાજ્યમાં ૪૧ ટકાની આસપાસ રહી છે. ચાર મોટા શહેરોની વાત કરવામાં આવે તો અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં કુલ કાઉન્સીલરોના આંકડા રસપ્રદ રહ્યા છે.





સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ સંચાલિત

ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર

| | | |
|---|---|---|
| ગુજરાત ખાદી | ૨૫ % | વળતર |
| ગુજરાત ખાદી તૈયાર કપડાં | ૨૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી | ૧૫ % | વળતર |
| પરપ્રાંત ખાદી તૈયાર કપડાં | ૧૫ % | વળતર |
| રેશમ ખાદી | ૧૫ % | વળતર |

વ્હાઈટ મેટલ મૂર્તિઓ, ઓક્સોડાઈઝ બેંગલ બોક્સ, બાજઠ, ચંપલો, ગ્રામોદ્યોગના સાબુ, તલ તેલ, અનાજ, કઠોળ તેમજ ઘઉં, બાજરી, મઠ, અડદનો લોટ અને સરકારશ્રી દ્વારા માન્ય સ્ટીલ તેમજ વુડન ફર્નિચર ખરીદવાનું સ્થળ



ખાદી ગ્રામોદ્યોગ ભવન
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૩૩૩

ગૃહ વસ્તુ ભંડાર
સેક્ટર-૧૬, ગાંધીનગર, ફોન નં. ૨૩૨૨૨૭૬૧



સમય : ૧૦-૩૦ થી ૭-૩૦ ● રીશેષ : ૨-૩૦ થી ૩-૩૦